**SHREE SAYAN VIBHAG SAHAKARI KHAND UDYOG MANDLI LTD.**
SAYAN-394 130. TAL.: OLPAD, DIST.:SURAT (GUJARAT) TEL.: (02621) 242149,242278
E-mail: sayansugar@gmail.com FAX : (02621) 242148, Mo. No. : 99782 42149

**શ્રી સાયણ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.**
સાયણ – ૩૯૪૧૩૦. તા.: ઓલપાડ, જી. સુરત (ગુજરાત)
ફોન : : (૦૨૬૨૧) ૨૪૨૧૪૯, ૨૪૨૨૭૮ ફેક્ષ (૦૨૬૨૧) ૨૪૨૧૪૮, મો. નં. : ૯૯૭૮૨ ૪૨૧૪૯

જા.નં./સાયણ/એડીએમ/ખેતી/૨૦૨૩/ ૯૭૦ તા. ૧૫-૦૪-૨૦૨૩

પ્રતિ,
શ્રી..............................................................(ગ્રામ પ્રતિનિધિશ્રી)
મુ.પો. :..........................
તાલુકો :.........................
જીલ્લો : સુરત.

**વિષય : રોપાણ સિઝન ૨૦૨૩–૨૦૨૪ માટે શેરડી વાવેતર અંગેના નિતિ–નિયમો.**

મહાશય,

સવિનય આપના ગામના તમામ સભાસદ શ્રીઓને જાણ કરશો કે, શેરડી રોપાણ સિઝન ૨૦૨૩–૨૦૨૪ માટે નકકી થયા મુજબ વાવેતર માટે ના નીતિ–નિયમો નીચે મુજબ છે. આ બાબતનો અમલ કરવાનો રહેશે.

**(૧) સભાસદે પોતે શેરડીની કાપણી કરીને સંસ્થામાં પહોંચાડવાની રહેશે.**

(૨) વાવેતર સીઝન ૨૦૨૩–૨૦૨૪ માટે નીચે મુજબની શેરડી જાતોનું વાવેતર કરી શકાશે.

(૧) ૧ લી સપ્ટેમ્બર થી સીઝનના અંત સુધી :–
કો.સી. ૬૭૧, કો.૮૬૦૦૨, કો.૮૬૦૩૨, કો.એમ.૦૨૬૫, કો.એન.૧૩૦૭૨, એમ.એસ.૨૦૦૦૧
એમ.સી.૭૦૭, કો.૦૨૩૮,કો.૧૧૦૧૫ તથા (અખતરા હેઠળ કોવી.એસ.આઈ.૧૮૧૨૧)

(૨) ૧૫ મી સપ્ટેમ્બર થી સીઝનના અંત સુધીની જાતો :–
વી.એસ.આઈ.૮૦૦૫

(૩) ૧ લી ઓકટોબર થી સીઝનના અંત સુધીની જાતો :–
કો.એન. ૧૩૦૭૩,કો.એન.૦૫૦૭૧(૪૧૧), કો.એન. ૭૦૭૨, કો.૯૯૦૦૪, કો.એસ.એન.કે.૯૨૯૩

(૪) ૧ લી નવેમ્બર થી સીઝનના અંત સુધીની જાતો :–
કો.૮૬૨૪૯,કો.એન.૦૫૦૭૨(૩૬૬)

નોંધ : ૧. શેરડી રોપાણ તા. ૦૧/૦૯/૨૦૨૩ થી તા. ૩૧/૧૦/૨૦૨૩ સુધીમાં કો.સી.૬૭૧, કો.૮૬૦૩૨, કો.૮૬૦૦૨, એમ.સી.૭૦૭, કો.૦૨૩૮ ના સભાસદો દ્વારા કરવામાં આવેલ રોપાણને અગ્રીમતા આપી પ્રથમ કાપણી કરવામાં આવશે તેમજ તે સિવાયની શેરડી જાતોની કાપણી ઉપરોકત શેરડી જાતોના એકરની કાપણી થયા બાદ કરવામાં આવશે. તેજ રીતે છૂટેલી લામપાકમાં પણ કાપણીમાં અગ્રીમતા આપવામાં આવશે.

૨. ઉપરોક્ત વહેલી પાકતી શેરડી જાતોનું રોપાણ ૧ નવેમ્બર–૨૦૨૩ થી ૩૧ મી ડિસેમ્બર–૨૦૨૩ સુધીમાં કરવામાં આવશે તો તેની રોપાણ તારીખ ૧ લી નવેમ્બર ગણી કાપણીમાં અગ્રીમતા આપવામાં આવશે. તેજ રીતે છૂટેલી લામપાકમાં પણ કાપણીમાં અગ્રીમતા આપવામાં આવશે.

૩. એક આંખના શેરડીના રોપા રોપાણ અંગે જે અગ્રીમતા આપવામાં આવેલ હતી તેને હવે રદ કરી, એક આંખના રોપા તથા ટુકડાથી રોપાણ કરવામાં આવતી પધ્ધતિમાં જે પહેલા રોપાણ કરશે તેની તે મુજબની રોપાણ તારીખ ગણવામાં આવશે.

(પાછળ)

Scanned with CamScann

(૩) જે માસમાં વાવેતર મંજુરી આપવામાં આવશે તેજ માસમાં માન્ય કરેલ જાતની શેરડીનું વાવેતર કરવાનું રહેશે. ચકાસણી કરતાં રોપાણ તારીખ ખોટી માલુમ પડશે તો ૩૦ દિવસ મોડી નોંધ કરવામાં આવશે. માન્ય કરેલ શેરડી જાત સિવાયની અન્ય અમાન્ય શેરડી જાતનું વાવેતર કરશો તો તેવી શેરડીની કાપણી કરવામાં આવશે નહીં.શેરડી જાત બદલવા માટે પાછળથી કોઈ અરજી સ્વીકારવામાં આવશે નહી.

(૪) ફળઝાડવાળી જમીનમાં શેરડીનું વાવેતર કરવું નહીં, તેમ છતાં કરશો અને શેરડી બળી જતાં ફળ-ઝાડને નુકશાન થશે તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં.

(૫) શેરડી પાકમાં ટપક (ડ્રીપ) પધ્ધતિથી સિંચાઈ કરતા હોય તેવા ખેતરમાં કાપણી સમય પહેલા ડ્રીપની લાઈન કાઢી નાંખવી, શેરડી બળી જતા / કાપણી કરતા ડ્રીપ લાઈનને નુકશાન થશે તો નુકશાનની જવાબદારી સંસ્થાની રહેશે નહી.

(૬) સંસ્થાના કાર્યક્ષેત્રના ગામોમાં મળેલ વાવેતર જનરલ ટ્રાન્સફર કરવામાં આવશે. ફાળવેલ કે ટ્રાન્સફર થયેલ વાવેતર કાર્યક્ષેત્રના કોઈપણ ગામમાં ગણોતની જમીનમાં પોતાને નામેજ બનાવી શકશે. પરંતુ જે તે જમીન માલીકની સંમતિપત્ર વાવેતરની નોંધ કરતી વખતે અવશ્ય આપવાનું રહેશે. પરંતુ તે જમીનનો કોર્ટમાં કેસ કે અન્ય તકરાર હોય તો તે શેરડી સ્વીકારવાની કે અન્ય કોઈ વળતરની જવાબદારી સંસ્થાની રહેશે નહીં.

(૭) કરેલ વાવેતર પ્રતિનિધિને નોંધ કરાવ્યા બાદ અન્ય કારણોસર શેરડી નહીં ઉગે અને ફરી રોપાણ કરવામાં આવે તો ફેર રોપાણની તારીખની નોંધ પ્રતિનિધિને ત્યાં અવશ્ય કરવાની રહેશે.

(૮) શેરડી રોપાણ કરતાં પહેલાં જે જાતની શેરડી રોપાણ કરનાર હોય તે જાતનું બિયારણ સંસ્થાનાં અધિકૃત અધિકારી પાસે ચકાસણી કરાવ્યા બાદ જ રોપાણ કરવાનું રહેશે.

(૯) તા. ૦૧-૦૭-૨૦૨૩ થી તા. ૩૧-૦૭-૨૦૨૩ સુધી ફાળવેલ વાવેતર ટ્રાન્સફર તથા જમા કરવામાં આવશે.

(૧૦) નવું રોપાણ એકરે ૨૫ ટન પાકશે તોજ લામ રાખવાની મંજુરી આપવામાં આવશે.

(૧૧) જો સભાસદ અન્ય જગ્યાએ શેરડીનો નિકાલ કરશે તો તેવા સભાસદને વ્યવસ્થાપક કમિટિ જે આ બાબતે નિર્ણય કરે તે માન્ય રાખવાનો રહેશે.

(૧૨) સંજોગોવસાત શેરડીની કાપણી મોડી થશે તો તે અંગે કોઈપણ જાતનું વળતર આપવામાં આવશે નહીં. બળેલી શેરડી માટે સંસ્થા વખતો વખત જે નિયમ બનાવશે તે માન્ય રાખવાના રહેશે.

(૧૩) (અ). (૧) પોતાના ગામની આજુબાજુના ગામ (લાગુ ગામ) માં કરેલ વાવેતરની નોંધ પોતાના જ ગામમાં કરવાની રહેશે.
(૨) કાર્યક્ષેમના જોડીયા સીમ સિવાયના સભાસદના ગામથી ત્રીજા ગામે કરેલ રોપાણ વિસ્તારની નોંધ રોપાણ ગામનાં સર્વે/બ્લોક નંબર હોય તેજ ગામમાં કરવાની રહેશે.
(બ). જે તે તારીખમાં કરેલ રોપાણ જેટલા સર્વે નં./બ્લોક નં. માં કરેલ હશે તે મુજબ બધાજ સર્વે નં. /બ્લોક નં. નોંધાવવાના રહેશે,પાછળ થી સર્વે નં./બ્લોક નં. કે રોપાણ વિસ્તારમાં સુધારો કરી શકાશે નહી.
(ક). જેટલા સર્વે નં./બ્લોક નં. માં શેરડી રોપાણ કરેલ હોય તે મુજબ અલગ–અલગ નોંધ કરવાની રહેશે. એકજ સર્વે નં. ની નોંધ કરેલ હશે અને બીજા સર્વે નં./બ્લોક નં. માં કાપણી કરવા માટે જણાવવામાં આવશે તો તેવી શેરડીની કાપણી કરી શકાશે નહી.

(૧૪) વાવેતર સિઝન ૨૦૨૩ – ૨૦૨૪ માં આપવામાં આવેલ વાવેતર મંજુરી પૈકી સંસ્થાને જરૂરીયાત મુજબનું વાવેતર થઇ ગયેલ હશે તો તરતજ રોપાણ નોંધ બંધ કરવામાં આવશે અને આપેલ મંજુરી આપો આપ રદ ગણવામાં આવશે.

(૧૫) શેરડી રોપાણ ફરજીયાત ઓછામાં ઓછું ૪' ફુટના અંતરે કરવું જેથી શેરડી કાપણી મશીનથી કાપણી કરવાની સરળતા રહે.

(૧૬) હાર્વેસ્ટર મશીનથી કાપણી થયેલ શેરડીના વજનમાંથી બાંડી, પાતરી (ટ્રેસ) ના વજનની કપાત અંગે સંસ્થા જે નીતિ-નિયમો નક્કી કરશે તે માન્ય રાખવાના રહેશે.

(૧૭) ઓકટોબર માસમાં ફાળવેલ વાવેતર ૧ લી સપ્ટેમ્બર થી કરી શકાશે. પરંતુ તેની નોંધણી ૧ સપ્ટેમ્બર થી કરવામાં આવશે.

(૧૮) ઉપરોક્ત બાબતે વખતો વખત નિર્ણય લેવાની સત્તા સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ ની રહેશે.

નોંધ :– ઉપરોક્ત નીતિ–નિયમો સંસ્થાની વહીવટી સરળતા ને ધ્યાનમાં લઈ કરવામાં આવેલ હોય, સર્વે સભાસદો ને બંધનકર્તા રહેશે જેની નોંધ લેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

સહકારની અપેક્ષા સહ,

મેનેજીંગ ડિરેકટર

Scanned with CamScann